નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 22/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર - સાવરકુંડલા

1928-2028 શતાબ્દી વર્ષ અંતર્ગત

## 25 થી 50 વર્ષ સુધીના

# બહેનોનો રમતોત્સવ



**જેમાં બહેનો પોતાના રોજીંદા કામમાંથી થોડો સમય પોતાની જાત અને પોતાના જીવન માટે કાઢે તે માટે ખાસ આયોજન માત્ર બહેનો માટે કરેલ છે.**

## રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તક

ખરેખર આપને આનંદ આવશે. એક સાથે શુભ વિચારોનું વૃંદ રચાશે ટેન્શન માંથી આટલો સમય મુક્ત થઈશું. બાળપણ નો અનુભવ ફરી તાજો કરીશું. આ સ્પર્ધામાં ભાગ લેવા નીચેના નંબર પર આપ રજીસ્ટ્રેશન કરી શકશો. અંતમાં તણાવ મુક્ત રહેવા માટે તત્કાલ રજીસ્ટ્રેશન કરાવી લેશો.

**સૂચનાઓ**

૧. સ્પર્ધક સ્પર્ધાને અનુરૂપ પોશાક પહેરીને આવો
૨. સ્પર્ધામાં વિજેતા થનાર એક થી ત્રણ નંબરના બહેનોને ઈનામો આપવામાં આવશે
૩. સ્પર્ધામાં ભાગ લેવા માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે
૪. સ્પર્ધા પૂર્ણ થયે અલ્પાહાર ની વ્યવસ્થા રાખેલ છે


**તારીખ : ૨૯/૩/૨૬, રવિવાર - સમયઃ રાત્રીના ૮ કલાકે**

**સ્થળઃ વ્યાયામ મંદિર (અખેડો) સાવરકુંડલા**

રજીસ્ટ્રેશન તથા વધુ વિગત માટે સંપર્ક : શ્રી કેતનભાઈ ખુમાણ - મો. ૯૭૨૩૨ ૬૬૬૪૩
કન્વીનર, શતાબ્દિ મહોત્સવ કમિટી

તારીખ : 22/03/2026

# શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન મરણ



# પ્રભુદાસ સોમચંદ દોશી

ઉંમર વર્ષ 89 સાવર કુંડલા નીવાસી (હાલ બોરીવલી મુંબઈ) તારીખ 22.03.2026,
ચૈત્ર સૂદ ચોથ રવિવાર ના સવારે નવકાર મંત્ર નું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે.

તેઓ નીલાબેન પ્રભુદાસ દોશીના પતિ, સુનિલભાઈ, રાજુભાઈ અને જીજ્ઞાબેન ના પિતા. હર્ષાબેન, મીતાબેન અને સુજિતકુમાર ના સસરા. વિસ્મય,વિશ્વા,વત્સલ,વિશ્રુતિ ના દાદા. વૃષિતા, તનિષા ના નાના. સુરેશભાઈ સોમચંદ દોશી ના મોટા ભાઈ. નિર્મલાબેન, પુષ્પાબેન,હંસાબેન ના મોટા ભાઈ. રેખા બેન ના જેઠ. નિલેશ, નિકુંજ, ચાર્મી ના મોટા પપ્પા. સાસરા પક્ષ: અમૃતલાલ વીરચંદ દોશી(શેલણા વાળા) ના જમાઈ.

**તેમનો અંતિમ સંસ્કાર રવિવાર તારીખ 22.03.26 ના બપોરે 4:00 કલાકે ના તેમના નિવાસ્થાનેથી**
**સ્થળ: B-૭૦૨, પદ્માવતી પેલેસ, L.T.Road બોરીવલી(વેસ્ટ).**

સંપર્ક:- સુનીલ - 9821328697 | રાજેશ : 9821166374
નિલેશ: 9223433509 | નિકુંજ : 9223432509

ફે.ડે. NEWS

તારીખ : 22/03/2026

# સાવરકુંડલા શ્રી રામ જન્મોત્સવ કાર્યાલય પર ભક્તિના રૂડા અવસર બાદ હવે ૨૬ માર્ચે સનાતન આશ્રમથી પ્રસ્થાન થશે અદભૂત શોભાયાત્રા

## બજરંગદાસ ગૌ સેવા સમિતિ દ્વારા સાવરકુંડલામાં 'શ્રી રામ જન્મોત્સવ'ની ધામધૂમથી ઉજવણી: હનુમાન ચાલીસાના પાઠમાં ઉમટ્યા રામભક્તો

## ૨૬ માર્ચ, ગુરુવારના રોજ સાવરકુંડલાના રાજમાર્ગો પર પ્રભુ શ્રી રામલલ્લાની ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું સુંદર આયોજન





અયોધ્યાના નવ્ય અને ભવ્ય નિજ મંદિરમાં બિરાજમાન પ્રભુ શ્રી રામલલ્લાની અસીમ કૃપાથી, સાવરકુંડલાની ધર્મપરાયણ જનતા માટે ભક્તિ, શક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ સમાન 'શ્રી રામ જન્મોત્સવ' ઉજવવાનું ભગીરથ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષોની પરંપરાને જાળવી રાખતા, આ વર્ષે પણ સમગ્ર સાવરકુંડલા પંથક રામમય બને અને જન-જનમાં રામરાજ્યનો સંદેશ પહોંચે તેવા પવિત્ર હેતુથી ધાર્મિક કાર્યક્રમોની મંગલ હારમાળા સર્જાશેશ્રી રામ જન્મત્સવ કાર્યાલય પર બજરંગદાસ ગૌ સેવા સમિતિ દ્વારા હનુમાન ભક્તોના ઓજસ્વી સ્વરે સામૂહિક શ્રી હનુમાન ચાલીસાના પાઠનું અત્યંત શિસ્તબદ્ધ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પોસ્ટ ઓફિસ રોડ સ્થિત શ્રી રામ જન્મોત્સવ કાર્યાલય ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શ્રદ્ધાળુઓના જયઘોષ અને ભક્તિસભર વાતાવરણમાં હજારોની સંખ્યામાં રામભક્તો ઉમટી પડ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિકતાથી તરબતર બની ગયું હતું.આ મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્યાતિભવ્ય શોભાયાત્રા આગામી તારીખ ૨૬/03/૨૦૨૬, ગુરુવાર ના રોજ યોજાશે. આ શોભાયાત્રામાં વિવિધ આકર્ષક ફ્લોટ્સ (ટેબ્લો), પરંપરાગત ધૂન-મંડળીઓ, નાસિક ઢોલ અને શણગારેલા દિવ્ય રથો સાથે પ્રભુ શ્રી રામ નગરચર્યાએ નીકળશે. આગામી તારીખ: ૨૬/03/૨૦૨૬, ગુરુવારને પ્રસ્થાન સમય: બપોરે ૨:00 કલાકે થી પ્રસ્થાન થશે જેનું સ્થળ: સનાતન આશ્રમ, જેસર રોડ, સાવરકુંડલા. શોભાયાત્રા નીકળશે સાવરકુંડલાની ધર્મપ્રેમી જનતાને શ્રી રામ જન્મોત્સવ સમિતિ હાર્દિક નિમંત્રણ પાઠવે છે કે, આ પાવનકારી શોભાયાત્રામાં સહપરિવાર જોડાઈ, પુણ્યનું ભાથું બાંધવા અને અયોધ્યાપતિ રામલલ્લાના આશીર્વાદ પ્રાપ્ત કરવા પધારશો. ચાલો, આપણે સૌ સાથે મળીને સાવરકુંડલાના રાજમાર્ગોને 'જય શ્રી રામ'ના નાદથી ગુંજવી દઈએ અને આ ઉત્સવને ઐતિહાસિક બનાવીએ.

 નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 22/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# મકાન
## વેચવાનું છે...

કલ્યાણ સોસાયટી,
શેરી નં. ૫,
મહુવારોડ, સાવરકુંડલા,
બાબુભાઈ રાઠોડ
(પલ્લાવાળા)ની બાજુમાં,
પ્લોટ સાઈઝ : ૫૨x૫૦

-: સંપર્ક :-
મો. 94272 66177




કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

# આજે વિશ્વ જળ દિવસ

વિશ્વ જળ દિન દર વર્ષે ૨૨ માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનું મહત્વ સમજાવવાનો તેમ જ જળને વેડફાતું અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળસમસ્યા દિનબદિન વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે જળવ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. જળસમસ્યાઓમાં અછત અથવા દુકાળ, પૂરને કારણે લીલો દુકાળ, પાણીની વહેંચણીમાં થતા વિવાદ, પાણીમાં અશુધ્ધિના કારણે થતા રોગો, વિનાશક ત્સુનામી, જમીનનું ધોવાણ જેવા પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે.ભારત દેશ અને એમાં પણ ગુજરાત રાજ્યના કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાતના કેટલાક પ્રદેશોમાં જળસમસ્યા (અછત) વર્ષો જૂની છે. આ ઉપરાંત નદી તેમ જ દરિયાકિનારાની જમીનનું ધોવાણ તેમ જ ખારાશનું પ્રમાણ વધી જવું જેવી સમસ્યાનો પણ ગુજરાત રાજ્ય સામનો કરી રહ્યું છે. આ ઉપરાંત નદી તેમ જ દરિયાના પાણીમાં છોડવામાં આવતા કારખાનાના ગંદા પાણી તેમ જ ગટરના ગંદા પાણીને લીધે પ્રદુષિત થતા પાણીની સમસ્યા પણ ભારત દેશમાં ઘણી મોટી છે.ઈ. સ. ૧૯૯૩ના વર્ષમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભાએ, ૨૨ માર્ચના દિવસને વિશ્વ જળ દિન ઘોષિત કરેલ છે.

એ ગ્રેડ કવોલીટીનાં

65 GSM Rs. 175 મીનીમમ 10 પેકેટ

70 GSM Rs. 190 મીનીમમ 10 પેકેટ

80 GSM Rs. 300

A4 પેકેટ

તમામ પેકેટો હાજરમાં

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



શ્રી ગણેશાય નમઃ



## અયોધ્યા રેસીડેન્સી ગૃપ આયોજીત

# રામકૃષ્ણ ઇન્ડસ્ટ્રીયલ

**ખુલ્લા પ્લોટનું સુંદર આયોજન**

**ઉષામૈયાનાં આશિર્વાદ થી...**


**જુજ પ્લોટ બાકી...**
**આજે જ સાઈટ વીઝીટ કરો...**

**સ્થળ : જેસરરોડ, બાયપાસ ચોકડી, સાવરકુંડલા**

સુવિધાઓ
સંપુર્ણ ટાઇટલ કલીયર * RCC રોડ * ગટર
* સ્ટ્રીટલાઇટ * પાણીની સુવિધા સાથે

બુકીંગ સંપર્ક
પ્રકાશભાઈ સોલંકી - ૯૫૫૮૮ ૭૭૦૭૭
ભાવેશભાઈ ભરખડા - ૯૪૨૬૯ ૩૨૨૬૮
પારસભાઈ સગર - ૯૬૮૭૦ ૭૯૭૭૩

ડેવલોપર્સ
જગદીશભાઈ વિરાણી
કિશોરભાઈ વિરાણી



કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

# મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષના આગમનને પગલે કાર્યક્રમના સ્થળની મુલાકાત લેતા આગેવાનો.

22 માર્ચ 2026 રવિવારના રોજ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત ભાજપના પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા અમરેલી પધાર્યા છે ત્યારે એક દિવસ અગાઉ એટલે કે 21 માર્ચ 2026 શનિવારના રોજ અમરેલીમા પધારી રહેલાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્ર્વકર્માની ઉપસ્થિતમા યોજનાર લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે અમરેલી માર્કેટિંગ યાર્ડ ખાતે કાર્યક્રમના સ્થળની મુલાકાત લઈ વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી.આ તકે અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, સાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી અતુલભાઈ કાનાણી,અમરેલી માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેનશ્રી પી. પી. સોજીત્રા, યાર્ડના ચેરમેનશ્રી ભાવિનભાઈ સોજીત્રા, શ્રી સંદીપભાઈ માંગરોળીયા, શ્રી ચેતનભાઈ ધાનાણી, સુનિલભાઈ જીંજુવાડીયા સહીત અગ્રણીઓ તેમજ વ્યવસ્થાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 22/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વેચવાનો છે...

## સીસોડો વેચવાનો છે. (લારીમાં ફીટીંગ કરેલો)

## ટુ વ્હીલના સ્પેરપાર્ટ (જુના) વેચવાના છે.

## TVS XL ગાડી વેચવાની છે.

**મો. 93274 98698**

**મો. 96386 83615**

તારીખ : 22/03/2026

# સાવરકુંડલા નગરપાલિકાના વર્તમાન બોર્ડનો વિદાય સમારંભ અને જનસેવા માટે નવા વાહનોનું લોકાર્પણ યોજાયું




## સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં નગરપાલિકા પરિવાર દ્વારા સ્નેહમિલન અને સાધન લોકાર્પણનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન

સાવરકુંડલા નગરપાલિકા ખાતે માન. ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળા સાહેબના અધ્યક્ષ સ્થાને આજે એક ગરિમાપૂર્ણ અને યાદગાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકાના વર્તમાન ચૂંટાયેલા બોર્ડની મુદત પૂર્ણ થતી હોવાથી વિદાયમાન સદસ્યોનો સન્માન કાર્યક્રમ અને સાથે જ સરકારશ્રી તરફથી મળેલી આવશ્યક સેવાઓના નવા સાધનોનું લોકાર્પણ એમ બેવડો ઉત્સવ ઉજવાયો હતો.વર્તમાન બોર્ડની સફળ પાંચ વર્ષની મુદત પૂર્ણ થતા, નગરપાલિકાના કર્મચારી મિત્રો દ્વારા એક વિશેષ 'સત્કાર અને વિદાય સમારંભ' યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તેમજ તમામ સદસ્યશ્રીઓનું ફૂલહાર અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું. નગરના વિકાસમાં પદાધિકારીઓના સહયોગ અને માર્ગદર્શન બદલ કર્મચારીઓએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.આ પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા સાવરકુંડલા શહેરની સુખાકારી અને સ્વચ્છતા માટે ફાળવવામાં આવેલા આવશ્યક સેવાના નવા વાહનો મીની ફાયર ટેન્ડર, વોટર બ્રાઉઝર અને મીની જેન્ટિંગ મશીનનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવા સાધનો કાર્યરત થવાથી શહેરમાં સફાઈ અને અન્ય નાગરિક સેવાઓ વધુ સુદ્રઢ અને ઝડપી બનશે.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ પોતાના ઉદબોધનમાં વર્તમાન બોર્ડ દ્વારા કરવામાં આવેલા વિકાસકામોની સરાહના કરી હતી અને નવા સાધનો નગરની સેવામાં આશીર્વાદરૂપ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ તકે વિવિધ રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ, આરોગ્ય મંદિરના કન્વીનરશ્રી નગરપાલિકાના અધિકારીઓ તથા તમામ કર્મચારી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ અત્યંત ભવ્ય અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયો હતો.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005
Aavkar Restaurant & Banquet Hall

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## "પાણી બચાવો – જીવન બચાવો" : વિશ્વ પાણી દિવસ

### પાણી એ માત્ર કુદરતી સંપત્તિ નથી, પરંતુ જીવનનો આધાર છે. - વિપુલભાઈ પરમાર

World Water Dayના અવસરે સાવરકુંડલાની પ્રખ્યાત આર.ઓ. શોપી (અંજની વોટર ફિલ્ટર) સેવા સાથે સંકળાયેલી તેમજ પાણી સંરક્ષણ અને શુદ્ધ પાણીના ઉપયોગ અંગે સમાજને જાગૃત કરવા માટે મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે. આ પ્રસંગે આર.ઓ. શોપીના સંચાલક શ્રી વિપુલભાઈ પરમાર એ પાણીના વધતા સંકટ અને તેની સામે જરૂરી પગલાં અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, "પાણી એ માત્ર કુદરતી સંપત્તિ નથી, પરંતુ દરેક જીવ માટે જીવનદાયી તત્વ છે. આજે ભારત અને ગુજરાતમાં પાણીની સ્થિતિ ચિંતાજનક બની રહી છે. સતત વધતી વસ્તી, ઔદ્યોગિકીકરણ અને અનિયમિત વરસાદના કારણે પાણીના સ્ત્રોતો પર ભારે દબાણ આવી રહ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભૂગર્ભ જળસ્તર ઝડપથી ઘટતું જાય છે, જે ભવિષ્ય માટે ગંભીર ચેતવણી છે."

તેમણે વધુમાં ઉમેર્યું કે પીવાના પાણીની ગુણવત્તા પણ આજના સમયમાં એક મોટો પ્રશ્ન બની રહ્યો છે. અનેક વિસ્તારોમાં પાણીમાં અશુદ્ધિઓ, કેમિકલ્સ અને બેક્ટેરિયાનું પ્રમાણ વધતું જાય છે, જેના કારણે લોકોના આરોગ્ય પર પ્રતિકૂળ અસર પડે છે. આવી સ્થિતિમાં શુદ્ધ અને સુરક્ષિત પાણીનો ઉપયોગ અત્યંત જરૂરી બની ગયો છે.

આજના સમયમાં "શુદ્ધ પાણી માત્ર આરોગ્ય માટે જ નહીં, પરંતુ લાંબા ગાળે જીવનની ગુણવત્તા સુધારવા માટે પણ જરૂરી છે. દરેક ઘરમાં યોગ્ય શુદ્ધ પાણી હોવુ જરૂરી છે, જેથી પરિવારને સલામત પાણી મળી શકે અને તદુરસ્થ આરોગ્ય જાળવી શકે," એમ તેમણે જણાવ્યું.

#### પાણી સંરક્ષણ માટે જરૂરી પગલાં

વિશ્વ પાણી દિવસ નિમિત્તે તેમણે નાગરિકોને અપીલ કરી કે પાણી બચાવવાની જવાબદારી દરેક વ્યક્તિએ સમજવી જોઈએ. તેમણે કેટલાક ઉપાયો સૂચવ્યા:

- વરસાદી પાણીનો સંગ્રહ કરવો. (Rainwater Harvesting)
- ઘર અને ઉદ્યોગમાં પાણીનો પુનઃઉપયોગ કરવો
- નળ લીકેજને તુરંત બંધ કરવા.
- ખેતીમાં માઇક્રો સિંચાઇ પદ્ધતિઓ અપનાવવી
- પાણીનો ઉપયોગ જરૂરિયાત મુજબ જ કરવો.

#### જળ જાગૃતિ જ છે સાચો ઉકેલ:

અંતમાં જણાવ્યું કે પાણીની સમસ્યાનો લાંબા ગાળાનો ઉકેલ માત્ર ટેક્નોલોજીથી નહીં પરંતુ લોકોની માનસિકતા બદલવાથી શક્ય છે. "જો દરેક વ્યક્તિ પોતાના દૈનિક જીવનમાં પાણી બચાવવાની ટેવ અપનાવે, તો આપણે ભવિષ્યમાં મોટા સંકટને ટાળી શકીએ છીએ,"

વિશ્વ પાણી દિવસ આપણને યાદ અપાવે છે કે પાણીનું સંરક્ષણ હવે વિકલ્પ નથી, પરંતુ આવશ્યકતા છે. આજે કરેલા નાના પ્રયાસો આવનારી પેઢી માટે અમૂલ્ય સાબિત થશે.



RO SHOPPE

KENT Mineral RO Water Purifiers

અંજની વોટર ફિલ્ટર

કંપની માન્ય સર્વિસ સ્ટેશન તથા સ્પેરપાર્ટસ મળશે.

વિપુલભાઇ પરમાર - 9428794364

વૉટર ફિલ્ટરની વિશાળ રેન્જ ધરાવતો બ્રાન્ડ શો-રૂમ

અંજની, આર.ઓ. શોપી, હોમગાર્ડ ઓફિસ સામે, મહુવા રોડ, સાવરકુંડલા જિ. અમરેલી

તારીખ : 22/03/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ટાઈટલ કલીયર

# બ્લોક

# વેચવાનો છે...

શિવશકિત સોસાયટી,
બ્લોક નં. ૧૩,
મેઈનરોડ ટચ, બે માળનું,
સંપુર્ણ સુવિધાવાળો
બ્લોક વેચવાનો છે.

**કેતનભાઈ મહેતા**

**મો. 90995 56450**

કે.ડી. NEWS
તારીખ : 22/03/2026




# ગળધરા ખોડિયાર માતાજી ધારી ચૈત્રી ચોથા નોરતા ના દર્શન..

ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે ત્યારે દરેક માતાજીના મંદિરોમાં અનુષ્ઠાન, ધૂન, કીર્તન સત્સંગ માતાજીની આરાધના થઈ રહી છે ત્યારે આઈ શ્રી ગળધરા ખોડિયાર માતાજી ધારી તારીખ:22/03/26 ને રવિવાર ને ચૈત્રી ચોથા નોરતા ના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને ખોડિયાર માતાજીના ચરણોમાં વંદન કર્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## સરકાર માન્ય ફ્રી કોર્ષ

Gujarat Skill Development Mission

**લાયકાત ધોરણ 10 પાસ**

આપણાં વિસતારમાં સરકાર માન્ય સિવણ અને કોમ્પ્યુટર કોર્ષ શરૂ થયેલ છે,એ પણ બિલકુલ ફ્રી તેમજ સરકાર શ્રી તરફથી GCVT નું પ્રમાણપત્ર પણ મળવા પાત્ર છે. તેથી આજે જ એડમિશન કરાવો અને તાલીમ માં જોડાવો તેમજ રોજગારીની તકો મેળવો.



**સિવણ કોર્ષ**
JUTE PRODUCTS STICHING OPERATOR



**કોમ્પ્યુટર કોર્ષ**
IT HELPDESK ATTENDANT

મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલા ના ધોરણે એડમિશન લેવામાં આવશે.

**ઉંમરમર્યાદા : 18 થી 45 વર્ષ**

: સ્થળ :
ઘેલાણી ટેકનીકલ ટ્રેઈનીંગ સેન્ટર, સંસ્કાર મંદિર કેમ્પસ, કબીર ટેકરી રોડ, સાવરકુંડલા.

સંપર્ક : મો. 63514 88411/99048 78742

**DOCUMENTS**
1. આધાર કાર્ડ
2. પાસપોર્ટ ફોટા – 2
3. L.C
4. ધોરણ 10ની માર્કશીટ
5. મોબાઈલ નંબર
6. ઈ – મેઈલ
7. માતાનું નામ

તારીખ : 22/03/2026

# સાવરકુંડલા ખાતે આમ આદમી પાર્ટી ગુજરાત સંગઠન મહામંત્રી શ્રી મનોજભાઈ સોરઠીયા ની હાજરીમાં 15થી વધારે પ્રતિષ્ઠિત વકીલો અને સામાજિક આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા



આવનારી નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી માં લોકો જોડાય રહ્યાછે પોતાનો વ્યાપ દિવસે ને દિવસે વધી રહ્યો છે. આજે આમ આદમી પાર્ટી ગુજરાતની બીજા નંબરની સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી આવી છે. ગુજરાતની જનતા દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઘણા પ્રતિષ્ઠિત અને સામાજિક આગેવાનો આજે આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે અને આમ આદમી પાર્ટીનો પરિવાર દિવસ અને દિવસે મોટો બની રહ્યો છે. ત્યારે આજે તારીખ 21 માર્ચ 2026 ના રોજ સાવરકુંડલા ખાતે આમદની પાર્ટી ગુજરાત સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા ની આગેવાનીમાં સંગઠન ની મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલાના 15થી વધારે નામી વકીલો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જેમાં વકીલ શ્રીહિંમતભાઈ બગડા,ગોપાલભાઈ વિરાણી,ઈરફાનભાઈ સુમરા,દિનેશભાઈ બગડા,લલિતભાઈ ચૌહાણ,અતુલભાઈ ડાભી,અશોકભાઈ વિંઝુડા,દિનેશભાઈ વેગડા,હર્ષદભાઈ સોંદરવા,બાબુભાઈ ડેરૈયા,વિજયભાઈ રાઠોડ,બાબુભાઈ રાઠોડ,ભરતભાઈ ખુમાણ,પ્રશાંતભાઈ ડાભી,મહેશભાઈ મકવાણા જેવા પ્રતિષ્ઠિત વકીલો તથા ખેડૂત યુવા આગેવાન પિયુષભાઈ સાવલિયા,ભરતભાઈ સાવલિયા ,રાહુલભાઈ મોલડીયા એ વિધિવત રીતે ગુજરાત સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા અને દિલ્હી મ્યુનિસિપાલિટી ના પૂર્વ મેયર મહેશભાઈ ખીંશીના હાથે ખેસ પહેરીને પાર્ટીમાં જોડાયા હતા. આ નિમિતે અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, સાવરકુંડલા વિધાનસભા પ્રભારી ઓધવજીભાઈ પટેલ, સાવરકુંડલા શહેર પ્રમુખ વિપુલભાઈ વિરાણી તથા સાવરકુંડલા શહેર કાર્યકારી પ્રમુખ જગદીશભાઈ ઠાકોર ની હાજરીમાં સફળ સફળ રીતે કાર્યક્રમ નું આયોજન થયું હતું.જ્યારે આમ આદમી પાર્ટીને આટલો હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે ગુજરાતના લોકોને આમ આદમી પાર્ટી પર એક આશા છે કે તે ગુજરાતના લોકોના ભવિષ્ય માટે એક ઉત્તમ વિકલ્પ બનશે.

તારીખ : 22/03/2026

કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આપના કિંમતી મસાલા વજન કરીને આપવું, વજન કરીને લેવું.

ઘાણાજીરૂ - હળદર અલગ-અલગ ઘંટીએ દળી આપીશું.

ખાત્રી બંધ દળી આપીશું...

# ચાવળીયા ફ્લોર મિલ

ફરાળ બારે મહિના દળી આપીશું...

બારેય મહિનાનાં મસાલા બારેય મહિના દળી આપીશું...

મણીભાઈ ચોક, કપોળ મહાજનવાડીના પાછળના ડેલાની કોર્નર, સાવરકુંડલા.

મો. ૯૪૦૯૨ ૭૧૩૯૩/૯૯૭૯૯ ૩૫૧૭૫

ઝડપી સર્વિસ...

સવારના ૭ થી રાત્રીના ૧૧ સુધી..

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

# સાવરકુંડલા સેવામેઘ હોસ્પીટલે આગામી મંગળવારે નિઃશુલ્ક કેન્સર નિદાન, સારવાર કેમ્પ યોજાશે

સાવરકુંડલાના મહુવા રોડ ખાતે આવેલ ડોક્ટર જીતેન્દ્ર પીપળીયાની સેવામેઘ હોસ્પીટલ ખાતે આગામી તારીખ 24/03ને મંગળવારે સવારે નિઃશુલ્ક કેન્સર નિદાન, સારવાર કેમ્પ યોજાશે. કેન્સરમાં સૌરાષ્ટ્ર અને કચ્છની સૌથી મોટી અને અનુભવી કેન્સરના નિષ્ણાંતોની ટીમ શાશ્વત હોસ્પિટલ્સ રાજકોટ તથા સેવામેઘ હોસ્પિટલ ડોક્ટર જીતેન્દ્ર પીપળીયાના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્ર અને કચ્છની સૌથી મોટી અને અનુભવી કેન્સર નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા કેન્સર પીડિત દર્દીઓ માટે નિઃશુલ્ક કેન્સર નિદાન સારવાર કેમ્પ યોજાશે. આ કેમ્પમાં સુપ્રસિદ્ધ કેન્સર નિષ્ણાંત ડોકટર વિજય હરિચંદ્ર તિવારી, ડોકટર વિજયા મૂર્તિ, ડોક્ટર સારંગ વાઘમરે સેવા આપશે. આ કેમ્પમાં દર્દીઓને મોઢું ખુલવામાં સમસ્યા થઈ રહી હોય, મોઢામાં લાંબા સમયથી ચાંદી હોય, મહિલાઓના સ્તનમાં ગાંઠ અનુભવાય, વજન અચાનક જ ઘટી રહ્યું હોય, ઝાડા સાથે લોહી પડવું, મહિલાઓના માસિક બંધ થયા પછી પણ અચાનક જ વધારે માસિક આવવા, કેન્સરના તમામ પ્રકારનું નિદાન સારવાર નિઃશુલ્ક કરી આપવામાં આવશે. કેન્સરના વહેલા નિદાન માટે વેલસ્કોપ મશીન દ્વારા મોઢાની તપાસ, ગર્ભાશયના મુખની તપાસ માટે પેપ ટેસ્ટ, મોઢમાં ચાંદાની નિઃશુલ્ક તપાસ અને નિદાન આધુનિક મશીનો દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવશે. આકેમ્પ નો વધુમાં વધુ દર્દીઓ લાભ લેય તેવી ડોક્ટર જીતેન્દ્ર પીપળીયા દ્વારા અપિલ કરવામાં આવી છે.

તારીખ : 22/03/2026


# લાઠી તાલુકાના લુવારીયા ગામે માતાજી ના માંડવાનું આયોજન થયું.



અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના લુવારીયા ગામે આઈ શ્રી મોગલ માતાજીના માંડવા નું આયોજન થયું હતું. જેમાં લાઠી, દામનગર, બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા સહિત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા મોગલ માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.



તારીખ : 22/03/2026



# કવિ સુન્દરમ નો આજે જન્મદિવસ..

ત્રિભુવનદાસ પરસોત્તમદાસ લુહાર, જેઓ તેમના ઉપનામ સુન્દરમ્ થી વધુ જાણીતા હતા (૨૨ માર્ચ ૧૯૦૮ - ૧૩ જાન્યુઆરી ૧૯૯૧), ગુજરાતી ભાષાના કવિ અને લેખક હતા.તેમનો જન્મ ૨૨ માર્ચ ૧૯૦૮ના રોજ ભરુચ જિલ્લાના ગુજરાતના મિયાં માતરમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ માતર ગામમાં પૂરુ કર્યું અને અંગ્રેજી માધ્યમમાં પાંચ ગ્રેડ સુધીનું શિક્ષણ આમોદ ખાતે પૂર્ણ કર્યું. ત્યારબાદ તેમણે ભરુચમાં આવેલી છોટુભાઈ પુરાણીની રાષ્ટ્રીય ન્યૂ ઈંગ્લિશ શાળામાં અભ્યાસ કર્યો. ૧૯૨૯માં તેમણે ગુજરાત વિદ્યાપીઠ ખાતેથી ભાષાવિષારદ તરીકે સ્નાતકની પદવી મેળવી અને સોનગઢમાં આવેલા ગુરુકુળમાં અધ્યાપન કાર્ય શરુ કર્યું. તેમણે ભારતની સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો અને થોડો સમય જેલમાં રહ્યા હતા. તેઓ અમદાવાદમાં સ્ત્રીઓના કલ્યાણ માટે કામ કરતી સંસ્થા જ્યોતિસંઘ સાથે ૧૯૩૫ થી ૧૯૪૫ સુધી સંકળાયેલા હતા. ૧૯૪૫માં શ્રી અરવિંદના સંપર્કમાં આવ્યા અને પોંડિચેરી ખાતે સ્થાયી થયા. ૧૯૭૦માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. તેમનું અવસાન ૧૩ જાન્યુઆરી ૧૯૯૧ના રોજ થયું હતું.તેમણે કવિતાથી લેખન કાર્યની શરૂઆત કરી પરંતુ તેઓ સાહિત્યના અન્ય પ્રકારોમાં પણ સફળ થયા હતા. તેમની કવિતા અને ગદ્ય બંને કલ્પનાશક્તિ, ઊંડાણ અને તેજસ્વીતાનો પરિચય આપતા હતા. તેમનું સર્જન આધ્યાત્મિક તેમજ સામાજીક તત્વો ધરાવતું હતું. તેમણે વિવિધ ફિલસૂફીના તબક્કાઓમાં સર્જન કર્યું હતું ૧૯૩૪માં તેમને કાવ્યમંગલા માટે રણજિતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો. ૧૯૫૫માં તેમના કવિતા સંગ્રહ યાત્રા માટે તેમને નર્મદ સુવર્ણ ચંદ્રક અને ૧૯૪૬માં વિવેચન માટે મહિડા પુરસ્કાર મળ્યો હતો. ૧૯૬૮માં તેમના વિવેચન પરના સર્જન અવલોકન માટે તેમને ગુજરાતીનો સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૮૫માં તેમને ભારતનો ત્રીજો સર્વોચ્ચ પુરસ્કાર પદ્મભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો.


એ ગ્રેડ ક્વોલીટીનાં

65 GSM Rs. 175 મીનીમમ 10 પેકેટ

70 GSM Rs. 190 મીનીમમ 10 પેકેટ

80 GSM Rs. 300

A4 પેકેટ

તમામ પેકેટો હાજરમાં

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગરમી વધે તે પહેલા ખરીદો...

## સરળ હપ્તે...

## તમામ બ્રાન્ડ અને સૌથી ઓછા ભાવ...




LLOYD LG Life's Good MITSUBISHI DAIKIN Kelvinator BLUE STAR Haier HITACHI

* કિંમતના ૮ હપ્તા
* કોઈ વ્યાજ નહીં
* ફાઈલ ચાર્જ નહીં
* પેનલ્ટી નહીં
* કોઈ છુપો ચાર્જ નહીં આ ઉપરાંત બજાજ ફાઈનાન્સ તથા કોઈ બેંકના ક્રેડીટ કાર્ડ ઉપર ખરીદી કરી શકો છો.

# એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

તારીખ : 22/03/2026

# ખાંભા શહેર અને તાલુકા માં મોડી રાત્રે ભૂકંપના આંચકો અનુભવાયો.



અમરેલી જિલ્લાના ખાંભા શહેર અને તાલુકામાં 21 માર્ચ 2026 શનિવારના રોજ મોડી રાત્રે ભૂકંપના આંચકો અનુભવાયો હતો.ખાંભા શહેર અને ખાંભા તાલુકાના તાતણીયા, ઉમરીયા,પીપળવા, નાના વિસાવદર,સહિત ગામોમાં મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો રાત્રે 12:50 કલાકે 2.9 મેગ્નિટ્યુડનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ગાંધીનગર સુષ્મલોજી દ્વારા ભૂકંપ અંગે પુષ્ટી આપવામાં આવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

# અમરેલી એસ.ટી. ડેપો ખાતે અમરેલી થી બેટ દ્વારકા સુધી નવી બસ સેવા શરૂ કરી લીલી ઝંડી આપી..




અમરેલી એસ.ટી. ડેપો ખાતે અમરેલી થી બેટ દ્વારકા સુધી નવી બસ સેવા શરૂ કરી લીલી ઝંડી આપવામાં આવી હતી. આ તકે સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, અન્ય હોદ્દેદારો ચૂંટાયેલા પ્રતિનિધિઓ,આગેવાનો તેમજ ગ્રામજનો અને એસટી નો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.ત્યારે આ નવી બસ સેવા દ્વારા યાત્રિકોને સુવિધાજનક, ઝડપી અને સુરક્ષિત પ્રવાસની સુવિધા પ્રાપ્ત થશે, ખાસ કરીને ધાર્મિક સ્થળ બેટ દ્વારકા સુધીની મુસાફરી હવે વધુ સરળ બનશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 22/03/2026

# માછીમારોના હિતમાં સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

## માછીમારી બોટના ડીઝલ ભાવમાં ભારત પેટ્રોલિયમ દ્વારા કરાયેલો રૂ. ૨૨.૪૩નો વધારો પાછો ખેંચાયો

## રાજ્યના માછીમારોને બોટ માટે અગાઉ નક્કી થયેલા રાહત દરે જ ડીઝલ પ્રાપ્ત થશે

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કેન્દ્ર સરકારને કરેલી રજૂઆતના પરિણામે વધારો પાછો ખેંચાયો

ગુજરાતના દરિયાકાંઠે વસતા માછીમાર ભાઈઓના આર્થિક હિતોના રક્ષણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ભારત સરકારમાં અસરકારક રજૂઆત કરીને માછીમારી બોટના ડીઝલના ભાવ વધારા અંગે મહત્વનો ઉકેલ લાવ્યા છે.ગુજરાત સરકારના મત્સ્ય સંઘ - GFCCA દ્વારા માછીમારોને ડિસ્કાઉન્ટ ભાવે ડીઝલ મળી રહે તે માટે ભારત પેટ્રોલિયમ (BPCL) સાથે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં ભારત પેટ્રોલિયમ દ્વારા માછીમારો માટેના ડીઝલના ભાવમાં લિટર દીઠ રૂ. ૨૨.૪૩ નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ગંભીર બાબતને ધ્યાને લઈ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને વિવિધ માછીમારી સંસ્થાઓ દ્વારા રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીને રજૂઆત કરવામાં આવી હતી. વિષયની ગંભીરતાને ધ્યાને લઈને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારને આ અંગે હસ્તક્ષેપ કરવા રજૂઆત કરી હતી. મંત્રીશ્રીએ ભારપૂર્વક રજૂઆત કરી હતી કે, જે રીતે રાજ્ય માર્ગ પરિવહન નિગમને ભાવ વધારામાંથી મુક્તિ આપવામાં આવી છે, તે જ રીતે મત્સ્યોદ્યોગ ક્ષેત્રને પણ 'સ્પેશિયલ એક્સેપ્શન' ગણીને રાહત આપવી જોઈએ. માછીમારોને 'કન્ઝ્યુમર સેગમેન્ટ'ને બદલે રિટેલ ગ્રાહકોની સમકક્ષ ગણવા મંત્રીશ્રીએ આગ્રહ કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારે ગુજરાતના માછીમારોની આ વાજબી રજૂઆતને સ્વીકારી છે. જેના પરિણામે, કેન્દ્ર સરકારે ભારત પેટ્રોલિયમને માછીમારોની બોટમાં વપરાતા ડીઝલના ભાવમાં કરાયેલો રૂ. ૨૨.૪૩નો વધારો પાછો ખેંચવા સ્પષ્ટ સૂચના આપી છે. જેથી રાજ્યના માછીમારોને હવે અગાઉ નક્કી થયેલા રાહત દરે જ ડીઝલ પ્રાપ્ત થશે.આ સફળ રજૂઆત અને ત્વરિત નિર્ણય બદલ મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય મંત્રી શ્રી હરદીપસિંહ પૂરીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે અને જણાવ્યું છે કે,"રાજ્ય સરકાર હંમેશા માછીમારોના કલ્યાણ માટે કટિબદ્ધ છે અને આગળ પણ રહેશે."

**માછીમારોના હિતમાં ત્વરિત નિર્ણય કરવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રીશ્રીનો મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીએ આભાર વ્યક્ત કર્યો**

તારીખ : 22/03/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો



સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 22/03/2026

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva®

**3339**
**22/03/2026**
**Sunday**

## आत्मा

"मैं" का भाव समर्पीत
करने का माध्यम -
धातु माना गया है;
इसी लीये एक सिक्का
साथ मे अवश्य देते है।

बाबास्वामी
22/3/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




શિક્ષક : કેમ મોડો આવ્યો
વિદ્યાર્થી: સાહેબ આપણી
નિશાળ આવે એ પહેલા
બે નિશાળ આવે છે અને
બધી નિશાળ પાસે લખ્યું
હતું કે આગળ નિશાળ છે
ધીમે ચાલો.

તારીખ : 22/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"હિમાલયનાં શિખર પર ઊભા રહીને તમે પાણીને આસમાન તરફ ઉછાળો, એ નીચે જ આવશે.નિંદકને તમે ઉત્તમ સ્થાનમાં લઈ જાઓ કે ઉત્તમ વ્યક્તિ પાસે લઈ જાઓ. એ ગમે ત્યાંથી નબળું શોધી લઈને તમારી સામે રજૂ કરી જ દેશે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 22/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 22 માર્ચ
# મહત્વની ઘટનાઓ

૧૭૩૯ – નાદિર શાહે દિલ્હી પર કબજો કરી મયૂરાસનની ચોરી કરી.

૧૮૮૮ – ફૂટબોલ લીગની સ્થાપના.

૧૮૯૫ – લ્યુમેઈર બંધુઓ (Auguste and Louis Lumière) દ્વારા પ્રથમ વખત ચલચિત્રનું (ખાનગી) પ્રદર્શન યોજાયું.

૧૯૯૩ – ઈન્ટેલ કોર્પોરેશન દ્વારા પ્રથમ પેન્ટિયમ ચિપ (૮૦૫૮૬) મુકવામાં આવી. જે ૬૦ મેગાહર્ટ્ઝ (MHz) ક્લોક સ્પીડ, ૧00+ MIPS અને ૬૪ બીટ ડેટા પાથ ધરાવતી હતી.

૧૯૯૫ – કોસ્મોનોટ વલેરી પોલિઆકોવ અંતરિક્ષમાં ૪૩૮ દિવસનો વિક્રમ સ્થાપીને પૃથ્વી પર પરત ફર્યા.

૧૯૯૭ – ધૂમકેતુ "હેલ-બોપ" પૃથ્વીની નજીકતમ અંતરે પહોંચ્યો.

૨0૨0 – વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ–૧૯ ના ફેલાવા સામે લડવાના પ્રયાસમાં જનતા કર્ફ્યુની જાહેરાત કરી.

## જન્મ

૧૯૦૮ – સુંદરમ્, ગુજરાતી ફિલસુફ, કવિ અને સાધક. (અ. ૧૯૯૧)

## અવસાન

૨૦૦૪ – વી.એમ. તારકુંડે, ભારતીય વકીલ અને નાગરિક અધિકાર કાર્યકર્તા (જ. ૧૯૦૯)

૨૦૦૫ – જેમિની ગણેશન, ભારતીય ફિલ્મ અભિનેતા (જ. ૧૯૨૦)

૨૦૦૭ – યુ.જી.કૃષ્ણમુર્તિ, ભારતીય તત્ત્વચિંતક (જ. ૧૯૧૮)

૨૦૧૪ – યશવંત વિઠોબા ચિત્તલ, ભારતીય લેખક (જ. ૧૯૨૮)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ જળ દિન

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે નાની-મોટી ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/03/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



તારીખ : 22/03/2026

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
# કે.ડી ન્યૂઝ સાથે...




## સંપર્ક : મો. 9499797973